# પાઠ- 1 [સિંહ અને ઉંદર]

## અઘરા શબ્દ

| | |
|---|---|
| બોડ | મદદ |
| દર | તુચ્છ |
| જંગલ | બરાડા |
| ખલેલ | મિત્ર |
| જાગવું | આભાર |
| આજીજી | |

## શબ્દાર્થ

| | |
|---|---|
| બોડ = સિંહનું રહેઠાણ | આજીજી= વિનંતી |
| દર = ઉંદર-કીડી-સાપ જેવા પ્રાણીઓનું રહેઠાણ | મદદ = સહાય |
| | તુચ્છ = નાનું |
| જંગલ = વન | બરાડા = બૂમ |
| આરામ = વિશ્રામ | મિત્ર = ભાઈબંધ |
| ખલેલ = વિક્ષેપ | આભાર = ધન્યવાદ |
| જાગવું = ઉઠવું | |



## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) સિંહ ક્યાં રહેતો હતો?

જ) સિંહ જંગલમાં રહેતો હતો.

2) સિંહનાં શરીર ઉપર કોણ દોડાદોડી કરતો હતો?

જ) સિંહના શરીર ઉપર ઉંદર દોડાદોડી કરતો હતો.

3) સિંહની ઉંઘ શાથી બગડી?

જ) ઉંદર સિંહનાં શરીર ઉપર દોડાદોડી કરતો હતો તેથી સિંહની ઉંઘ બગડી.

4) ઉંઘ બગડવાથી સિંહે શું કર્યું?

જ) ઉંઘ બગડવાથી સિંહે ઉંદર ઉપર પંજો માર્યો.

5) ઉંદરે કોની માફી માંગી?

જ) ઉંદરે સિંહની માફી માંગી.

6) સિંહ ક્યાં ફસાયો?

જ) સિંહ શિકારીની જાળમાં ફસાયો.

7) સિંહને કોણે બચાવ્યો?

જ) સિંહને ઉંદરે બચાવ્યો.

8) ઉંદરે શાંનાથી જાળ કાપી?

જ) ઉંદરે પોતાના દાંતથી જાળ કાપી.

9) સિંહે ઉંદરનો આભાર કેમ માન્યો?

જ) સિંહ જંગલમાં રહેતો હતો.



## <u>સાહિત્ય</u>

### નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) સિંહ ક્યાં રહેતો હતો?

જ) સિંહ જંગલમાં રહેતો હતો.

2)સિંહનાં શરીર ઉપર કોણ દોડાદોડી કરતો હતો?

જ) સિંહના શરીર ઉપર ઉંદર દોડાદોડીકરતો હતો.

3)સિંહની ઉંઘ શાથી બગડી?

જ) ઉંદર સિંહનાં શરીર ઉપર દોડાદોડી કરતો હતો તેથી સિંહની ઉંઘ બગડી.

4)ઉંઘ બગડવાથી સિંહે શું કર્યુ?

જ) ઉંઘ બગડવાથી સિંહે ઉંદર ઉપર પંજો માર્યો.

5) ઉંદરે કોની માફી માંગી?

જ) ઉંદરે સિંહની માફી માંગી.

6) સિંહ ક્યાં ફસાયો?

જ) સિંહ શિકારીની જાળમાં ફસાયો.

7) સિંહને કોણે બચાવ્યો?

જ) સિંહને ઉંદરે બચાવ્યો.

**8) ઉંદરે શાંનાથી જાળ કાપી?**

**જ) ઉંદરે પોતાના દાંતથી જાળ કાપી.**

**9) સિંહે ઉંદરનો આભાર કેમ માન્યો?**

જ)ઉંદરે સિંહને શિકારીની જાળમાંથી બચાવ્યો તેથી સિંહે ઉંદરનો આભાર માન્યો.

# વ્યાકરણ

## નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) વનરાજ - સિંહને વનરાજ પણ કહેવાય છે.
2) પંજો - સિંહે ઉંદર સામે પંજો ઉગામ્યો.
3) મદદ - ઉંદરે સિંહને મદદ કરી.
4) ઊંઘ - સિંહ શાંતિથી ઊંઘતો હતો.
5) જંગલ - જંગલમાં મોટા-મોટા ઝાડ હોય છે.

## નીચેના શબ્દોમાં ખૂટતો અક્ષર કૌંસમાંથી પસંદ કરીને લખો.

1) શરીર ( ડી, રી, ટી )
2) ઉંદર ( ડ, ર, દ )
3) ઉપકાર ( ચ, ઉ, મ )
4) જંગલ ( ળ, લ, ર )

**નીચેના કોષ્ઠકમાંથી પ્રાણીઓનાં નામ શોધી ખાલી જગ્યામાં લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| દી | વા | ઊં | ટ | સિં |
| પ | ઘ | ઉં | ગ | હ |
| ડો | હ | ર | દ | હ |
| પં | ર | કા | બ | ર |
| શિ | યા | ળ | મ | ણ |

1) **ઊંટ**
2) **ઉંદર**
3) **દીપડો**
4) **વાઘ**
5) **શિયાળ**
6) **સિંહ**

પ્રવૃતિ

તમને ગમતાં પ્રાણીનું ચિત્ર ચોંટાડી તેના વિશે લખો.

# 21. મારો પ્રિય મિત્ર

મારે ઘણા મિત્રો છે. તેમાં અજય મારો પ્રિય મિત્ર છે.

અજય મારા વર્ગમાં જ ભણે છે. તે અમારી સોસાયટીમાં રહે છે. અજય તંદુરસ્ત છે. તે ભણવામાં પણ હોશિયાર છે. તે વર્ગમાં હંમેશાં પહેલા-બીજા નંબરે ઉત્તીર્ણ થાય છે.

અજય અમારી ક્રિકેટ ટીમનો કૅપ્ટન છે. અમે દર રવિવારે સવારે ક્રિકેટ રમીએ છીએ. તે સારો બૅટ્સમૅન છે. અજયને વાંચનનો શોખ છે. તેને વાર્તાઓ વાંચવી ખૂબ ગમે છે. તેના દફતરમાં વાર્તાનું એકાદ પુસ્તક તો હોય જ. વર્ગમાં જ્યારે સમય મળે ત્યારે તે વાર્તાનું પુસ્તક વાંચે છે.

અજય સદા હસતો રહે છે. તેને રમૂજ કરવાની પણ ટેવ છે. તેને ઘણા મિત્રો છે. તે પોતાની વર્ષગાંઠને દિવસે બધા મિત્રોને આમંત્રણ આપે છે. તેનાં માતાપિતાનો સ્વભાવ ખૂબ સારો છે. અમે અજયને ઘેર જઈએ ત્યારે તેઓ રાજી રાજી થઈ જાય છે.

અજય અને હું સાથે બેસીને ઘરકામ કરીએ છીએ. અમે નિશાળે પણ સાથે જ જઈએ છીએ. ઉનાળાની રજાઓમાં અમે સાથે પ્રવાસે જઈએ છીએ. અજય નિશાળે ન આવે તે દિવસે મને પણ નિશાળમાં ગમતું નથી.

(2) તમારા અક્ષર સુધારવા તમે કેવો પ્રયત્ન કરો છો તે જણાવતો પત્ર તમારા પિતાજીને લખો.

આલોક ડી. દોશી
25, નંદ બંગલોઝ,
મેમનગર, અમદાવાદ.
પિનકોડ : 380 052
તા. 10 – 1 – 2017

પૂજ્ય પિતાજી,

તમારો પત્ર મળ્યો. તમે નવું સ્કૂટર લાવ્યા તે જાણીને મને ખૂબ જ આનંદ થયો. તમે એક વખત મને મારા ગરબડિયા અક્ષરો સુધારવાની ટકોર કરી હતી. ત્યારથી મેં મારા અક્ષર સુધારવાના પ્રયત્નો શરૂ કરી દીધા છે.

હવે હું ખૂબ ચોકસાઈથી લખું છું. ડબલ લાઇનની નોટમાં હું નિયમિત રીતે પંદર-વીસ લીટી જેટલું અનુલેખન કરું છું. આથી મારા અક્ષર થોડા સુધર્યા છે અને મરોડદાર થયા છે. હવે મને મારા અક્ષર જોવા ગમે છે. મારાં ગુજરાતીનાં બહેને પણ મને મારા અક્ષર સુધારવા બદલ શાબાશી આપી છે. મને અક્ષરલેખનની હરીફાઈમાં બીજું સ્થાન મળ્યું છે. હજુ અક્ષરો વધુ સુધરે તે માટે મારા પ્રયત્નો ચાલુ રાખીશ. તમને આ પત્રમાં મારા અક્ષરો કેવા લાગ્યા તે જણાવશો.

મમ્મીને મારા પ્રણામ.

તમારા પુત્ર
આલોકના પ્રણામ

# કાવ્ય-2 -નમીએ તુજને

## અઘરા શબ્દ

પરોઢિયે

ધરતા

મહીં

નીંદર

આધાર




## શબ્દાર્થ

પરોઢિયે - સુર્ય ઉગે તે સમયનું અજવાળું

ધરતા - યાદ કરવું

મહીં - અંદર

નીંદર - ઊંઘ

આધાર - જેના વિના ટકી કે નભી ન શકાય તે.

## સાહિત્ય

નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) પંખી ક્યારે જાગે છે?

જ) પંખી વહેલી સવારે જાગે છે.

2) પરોઢિયે પંખી કોના મીઠા ગાન ગાય છે?

જ) પરોઢિયે પંખી ભગવાનના મીઠા ગાન ગાય છે.

3) ઈશ્વર ક્યાં – ક્યાં છે?

જ) ઈશ્વર ધરતીમાં, આકાશમાં, સાગરમાં, ચાંદામાં, સુરજમાં અને ફૂલોમાં છે.

4) આપણાં સૌનો રક્ષણહાર કોણ છે?

જ) આપણાં સૌનો રક્ષણહાર ભગવાન છે.

5) ઈશ્વર શામાં હસે છે?

જ) ઈશ્વર ફૂલોમાં હસે છે.

## વ્યાકરણ

**નીચેના દરેક શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

1) પંખી - પંખી આકાશમાં ઉડે છે.
2) ધરતી - ધરતી આપણી માતા છે.
3) ફૂલ - ફૂલ ભગવાનને ચડાવવામાં આવે છે.
4) સાંજ - સાંજને સંધ્યા પણ કહે છે.

**કાવ્યમાં આવતાં શબ્દો કોષ્ઠકમાંથી શોધી, તેની આસપાસ ⬭ કરી નીચે લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ | દુ | નિ | યા | મ | હીં | ધ |
| છ | રો | લ | બી | સ્જિ | મિ | ર્મ |
| નાં | શ | ઢિ | નીં | દ | ર | માં |
| સૂ | ર | જ | યે | આ | ધા | ર |
| કા | શ | તુ | વા | રં | વા | ર |

1) દુનિયા
2) મસ્જિદ
3) મહીં
4) નીંદર
5) સૂરજ
6) વારંવાર
7) પરોઢિયે
8) તુજ

નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

1) સવાર = પરોઢ
2) સૂરજ = સૂર્ય
3) દુનિયા = વિશ્વ
4) નીંદર = ઊંઘ
5) આકાશ = નભ

નીચેના શબ્દોંને ‘નાર’લગાવીને શબ્દજોડી બનાવો

1) દોડવું - દોડનાર
2) ગાવું - ગાનાર
3) ખાવું - ખાનાર
4) પૂછવું - પૂછનાર

નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

પ્ર-ગાન, સાથ, આધાર, પંખી, દુનિયા

જ) આધાર, ગાન, દુનિયા, પંખી, સાથ.